# પાલનપુરમાં રાખી મેળાનો પ્રારંભ : ૯મી સુધી મેળો રહેશે

પાલનપુર, તા.૩

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના ગતિશીલ ગુજરાત લક્ષ્યાંક-૧૦૦ દિવસ



કાર્યક્રમ અંતર્ગત મહિલા સશકિતકરણ પખવાડીયાની ઉજવણીને અનુલક્ષી પાલનપુર ખાતે રાખી મેળાનું આયોજન કરવામાં આવ્યુ છે. પાલનપુર ગુરૂનાનક ચોક પાસે આવેલ ડૉ. આંબેડકર ભવનમાં કલેકટરશ્રી દિલીપ રાણાએ આ રાખી મેળાને ખુલ્લો મુકયો હતો. મહિલા સશકિતકરણ પખવાડીયાની ઉજવણી સંદર્ભે સમગ્ર જિલ્લામાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. પાલનપુરના રાખી મેળામાં કૂલ-૧૨ સ્ટોલ રાખડીઓના બનાવવામાં આવ્યા છે. જેમાં સુંદર ભાતની રાખડીઓ છે ઉપરાંત રાખડીને આનુષંગિક વસ્તુઓનું વેચાણ પણ કરવામાં આવી રહ્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ સમગ્ર રાજયમાં મહિલા સશકિતકરણ પખવાડીયું યોજાઈ રહ્યુ છે. રાજયની સખીમંડળની બહેનો કે જેઓ રાખડીઓ બનાવવાનું કામ કરે છે તેમને રાખડીઓ અને અન્ય વસ્તુઓનું બજાર મળી રહે તે માટે રાખી મેળાનું આયોજન કરવામાં આવ્યુ છે.

કલેકટરશ્રી દિલીપ રાણાની સુચના અને માર્ગદર્શન અનુસાર પાલનપુર ખાતે રાખી મેળાનું સુંદર આયોજન કરવામાં આવ્યુ છે. આ મેળામાં બહેનો ધ્વારા તૈયાર કરવામાં આવેલી રાખડીઓનું વેચાણ કરવામા આવે છે ત્યારે આપણે પણ આપણા ભાઈ માટે આ મેળામાંથી જ રાખડી ખરીદી આપણા ભાઈને રક્ષાનો કોલ આપીએ.

રાખી મેળાના ઉદ્દઘાટન -સંગે પાલનપુર નગરપાલિકાના -મુખશ્રી હસમુખભાઈ પઢીયાર, મહિલા મોરચાના જિલ્લા -મુખ શ્રીમતી કુસુમબેન રાવલ, મહિલા સુરક્ષા સમિતિના ડિરેકટર સુ. શ્રી -ફુલ્લાબેન પટેલ, -ાંત અધિકારીશ્રી જે. બી. દેસાઈ, -ાયોજના વહીવટદારશ્રી રાઠોડ, મામલતદારશ્રી ગીતાબેન દેસાઈ, તાલુકા -ાથમિક શિક્ષણાધિકારી શ્રીમતી નિરૂબા રાજપુત, અગ્રણી બહેનો અને સારી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# બાલારામ પાસે નદીમાં તણાતા ૨૫ જેટલા યુવકોને ૩ કલાકની જહેમત બાદ બચાવાયા



પાલનપુર, તા. ૩

પાલનપુર નજીક આવેલ યાત્રાધામ બાલારામ મહાદેવ પાસેની નદીમાં અચાનક જ પાણીના પ્રવાહ વધી જતા ૨૫ જેટલા લોકો પાણીના ધસમસતા પ્રવાહમાં તણાઈ ગયા હતા. ઘટનાને પગલે જિલ્લા વહીવટી તંત્ર અને ફાયરબ્રિગેડે ૩ કલાકની લાંબી જહેમત બાદ તમામને પાણીમાંથી બહાર કઢાયા હતા. જો કે આમાં કોઈ જાનહાની થવા પામી નથી. પાલનપુર પાસે યાત્રાધામ બાલારામ મહાદેવ મંદિર આવેલ છે. જ્યાં શ્રાવણ માસમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવે છે. યાત્રાધામ પાસે નદી પસાર થાય છે. ઉપરવાસ રાજસ્થાન તરફ ભારે વરસાદ થતા બનાસકાંઠાની ધારમાતા નદીમાં અચાનક જ પાણીનો પ્રવાહ વધતા પાલનપુરના ગણેશપુરામાં રહેતા બંસીલાલ પટ્ટણી ૨૫ જેટલા વ્યક્તિઓ પાણીના પ્રવાહમાં કિનારેથી તણાઈ ગયા હતા. આ ઘટનાની જાણ જિલ્લા વહીવટીતંત્ર અને ફાયરની ટીમને થતાં તુરંત બનાવસ્થળે ફાયરબ્રિગેડની ટીમ સાથે સ્થાનિક તરવૈયા ભગાજી માજીરાણા, રાજુ ભીખાભાઈ બજાણીયા, હિરાશંકરભાઈ બજાણીયાએ ત્રણ કલાકની ભારે મહેનત બાદ તમામને પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. જો કે આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી નથી. જિલ્લા કલેક્ટર દિલીપ રાણાની આગેવાની હેઠળ ટીમે સમગ્ર રેસ્ક્યુ ઓપરેશન પુરૂ કરતા લોકોએ રાહતનો દમ લીધો હતો.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)



**વડાગામની શાળામાં ગણવેશ વિતરણ કાર્યક્રમ યોજાયો** - વડાગામની ઠાકોર શ્રી ગોપાલસિંહ શ્રેયસ વિદ્યાલય ખાતે શાળાના જરૂરિયાત બાળકોને દાતાઓ તરફથી ગણવેશ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. વડાગામ ખાતે આયોજીત ગણવેશ વિતરણ કાર્યક્રમમાં લાયન્સ ક્લબ વડોદરાના જયશ્રીબેન સ્વામી અને તારામંડળના સંયુક્ત ઉપક્રમે શાળાના ૫૫ જરૂરિયાતમંદ બાળકો ગણવેશનું વિતરણ તેમજ પ્રથમ ક્રમે આવનાર અને વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરનારને ઈનામ આપી પ્રોત્સાહન કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે એ.વી. દેસાઈ, સી.એમ. વોરા તથા ડી.એચ. પટેલ, આચાર્ય ગુણવંતસિંહ ચંપાવત ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

# મોટાસડા ખાતે નામાભિકરણ, તેજસ્વી તારલા સન્માન અને પુસ્તકાલય ખંડ ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો

પાલનપુર, તા. ૩

પાલનપુર સંચાલિત જયશ્રી દ્વારકાધીશ સરસ્વતી વિદ્યાલય મોટાસડા ખાતે વિદ્યાલયના નામાભિમાન, તેજસ્વી તારલા સન્માન અને પુસ્તકાલય ખંડનો ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો હતો. જેમાં એકમના ઉદ્‌ઘાટન અને દાતા એમ.બી. સોલંકી, પ.પૂ. સિદ્ધયોગી રાષ્ટ્રીય સંત બાલયોગી નરસિંહદાસજી મહારાજ (નારગઢ આશ્રમ), સમારંભના અધ્યક્ષ ડૉ. દીપુબા દેવડા તેમજ પુસ્તકાલય ખંડના દાતા ગોવિંદભાઈ પંચાલ તથા તેમના માતૃશ્રી જયાબેન તથા તેમનો પરિવાર તેમજ મુખ્ય મહેમાનોમાં ચંદનસિંહ રાણા, સામંતસિંહ સોલંકગી, ચતુરસિંહ રાજપૂત તેમજ કેળવણી મંડળના એલ.એ. રાઠોડ, મંત્રી પી.ટી. પરમાર, તાલુકા પ્રમુખ એલ.કે. બારડ, કાળુજી સોલંકી, મહિલા સરપંચ રમીલાબા દિયોલ તેમજ શાળાના આચાર્ય ડી.ટી. રાઠોડ અને સમાજના જુદા જુદા ગામોમાંથી પધારેલ આગેવાનો, યુવાનો અને ભાઈઓ તેમજ બહેનો વિગેરે ખુબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. જેમાં શાળાની ધો. ૧૨ની બહેનોએ જ્યોત સે... જ્યોત પ્રાર્થના રજુ કરી હતી. ધો. ૯ની બહેનોએ પ્રાર્થનાગીત દ્વારા પધારેલ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે શાળાને ઉદાર સખાવતા આપનાર દાતા તેમજ એકમના ઉદ્‌ઘાટક એમ.બી. સોલંકીનું તેમજ પુસ્તકાલયના દાતા ગોવિંદભાઈ પંચાલનું શાલ, ફૂલહાર, શ્રીફળ અને સાકર પ્રતીક ભેટરૂપે આપી ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એમ.બી. સોલંકીએ તેમજ તેમના પત્નિ સમુબા એમ. સોલંકીના હસ્તે તકતીની અનાવરણ વિધિ કરવામાં આવી હતી. તેમજ ગોવિંદભાઈ પંચાલ અને તેમના માતૃશ્રી જયાબેન પંચાલના શુભ હસ્તે પુસ્તકાલય તક્તીનું અનાવરણ કરી પુસ્તકાલયને ખુલ્લુ મુકવામાં આવ્યું હતું.

આ પ્રસંગે બાળકોએ સાંસ્કૃતિક પ્રોગ્રામ રજુ કરી તેમજ ગુજરાત લેવલની સ્પર્ધાઓમાં વિજેતા એવા ધ્રુવકુમાર આર. સોલંકીએ ડાન્સ કરી લોકોને મંત્ર મુગ્ધ કરી દીધા હતા. સિદ્ધપુર વિભાગના ધારાસભ્ય બળવંતસિંહ રાજપૂત તથા શાળાને ૧૭ ટેબલ અને ૧૪ ખુરશી ભેટ આપનાર કેશરસિંહ જે. સોલંકી (આસી. કમિશનર સેલટેક્ષ) એ શાળાને શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો. એમ.બી. સોલંકીએ ભોજન દાતા બની તેમની દિલાવટીનો પરીચય આપ્યો હતો. ત્યાર બાદ સમાજના તેજસ્વી તારલાઓને પ્રોત્સાહન મળે તે માટેનો સન્માન કાર્યક્રમ યોજી સમાજના આગેવાનોના હાથે પુસ્તક અને સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

# અભાપુરની સગીરા પર સામુહિક દુષ્કર્મ કરનારા ત્રણ ઝડપાયા

હિંમતનગર, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના અભાપુર ગામે રહેતી એક સગીરા પર સામુહિક દુષ્કર્મ ગુજારનારા ગામના ત્રણ જણાને પોલીસે શનિવારે જંગલ વિસ્તારમાંથી ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે. આ અંગેની વિગત એવી છે કે અભાપુર ગામે ઘર આગળ સુઈ રહેલ એક સગીરાને બે દિવસ પહેલા રાત્રીના ૧૦ વાગેના સમયે ગામના જ ત્રણ હવસખોર મો દબાવીને ઉઠાવી લઈ ગયા હતા અને તેની સાથે ગામથી ૧ કિમી દૂર જંગલ વિત્રામાં આ સગીરા સાથે ત્રણેય જણા વારા ફરથી દુષ્કર્મ ગુજાર્યું હતું અને ત્યાર બાદ આ સગીરાને વહેલી સવારે આ ત્રણેય જણા તેના ઘર આગળ મુકી નાસી ગયા હતા ત્યારે સગીરાએ બુમાબુમ કરતા સગીરાની માતા બહાર આવી ગઈ હતી અને આ ત્રણેયને ઓળખી પાડ્યા હતા. આ અંગે વિજયનગર પોલીસમથકે સગીરાની માતાએ ગામના ત્રણેય હવસખોર વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ત્યાર બાદ સ્થાનિક પોલીસ, એલ.સી.બી. અને એસ.ઓ.જી. ભેગા મળીને શનિવારે વહેલી સવારે જંગલ વિસ્તારમાંથી સામુહિક દુષ્કર્મ કરનારા અભાપુર ગામના જગદીશભાઈ ઉર્ફે જેકીશ રત્નાજી નીનામા (ઉં.વ. ૨૩), મહેશભાઈ થાવરાજી તાવીડ (ઉં.વ. ૨૦) અને અજય રૂપાજી કોટવાલ (ઉં.વ. ૨૦)ને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

# આખલાઓનો દીલ ધડક જંગ



ડીસા શહેરમાં બે આખલાનો દીલધડક જંગ જોઈ લોકોના શ્વાસ થંભી ગયા હતા. ૨૪ કલાક સાથે રહેતા બે આખલાને આપસમાં જાણે શુ બગડ્યુ કે બંન્ને જણા જીવ સટોસટની બાજી ખેલવા લાગ્યા. લોકો લાકડીઓ અને પાણીનો ભારે મારો ચલાવ્યો છતાં એક બીજા સામે યુધ્ધ ચડેલા આખલા સતત અડધો કલાક સુધી એક બીજાને શિંગડે ભરાવતા રહ્યા. આ જંગ એટલી હદે આવ્યો કે એક આખલાએ બીજા આખલાને અધમુઓ કરી બેહોશ બનાવી લોહી લુહાણ કરી દીધો હતો. આ ઘટનાની જાણ થતા જ ગૌ સેવકોએ દોડી આવી ઘાયલ આખલાને ગૌવાન દ્વારા સારવાર અર્થે ખસેડયો હતો. (તસવીર : કાન્તીલાલ, ડીસા)

# હિંમતનગર ખાતેથી જિલ્લાકક્ષાના ૬૫ મા વન મહોત્સવનો શુભારંભ

## વાવે ગુજરાતના દૃઢ સંકલ્પથી જ ગુજરાતને હરીયાળુ બનાવીએ : રજનીકાન્ત પટેલ

હિંમતનગર, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રભારી અને ગૃહ રાજ્યમંત્રી રજનીકાન્ત પટેલે જિલ્લાકક્ષાના ૬૫મા વન મહોત્સવનો શુભારંભ દીપ પ્રગટાવી કરાવ્યો હતો.

રાજયકક્ષાનો ૬૫ મા વન મહોત્સવનો પ્રારંભ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે રાજકોટના કાગવડ ખાતેથી કરાવ્યાનું જણાવી મંત્રીએ રાજ્ય સરકારના ગાંધીનગર ખાતે યોજાતાં કાર્યક્રમોને જિલ્લાકક્ષાએ અને જિલ્લા કક્ષાએ ઉજવાતાં કાર્યક્રમોને તાલુકા કક્ષાએ ઉજવવાનું શરૂ કરતાં છેવાડાના માનવી સુધી મહોત્સવોની મહેક પ્રસરી હોવાનું જણાવ્યું હતું. ચાલુ વર્ષે તાલુકાના ગામવાર રૂટ નિયત કરી ગામડાઓમાં વધુને વધુ વૃક્ષો વાવીને હરિયાળુ ગુજરાત બનાવી, છોડમાં રણછોડની વિભાવનાને ચરિતાર્થ કરવા વન વિભાગ કટિબદ્ધ હોવાનું ઉમેર્યું હતું. ૨૦૦૪થી રાજ્યમાં વિવિધ ધાર્મિક સ્થળોએ પુનિત વન, માંગલ્ય વન, હરિહર વન, તીર્થંકર વન, ભક્તિ વન અને શ્યામળ વન, સહિત સપ્તર્ષિ વન, નક્ષત્ર વન અને રાશી વન જેવા વનોનું નિર્માણ કરવાની સાથે વૃક્ષોનો ઉછેર થકી ગુજરાતને હરીયાળુ કરવાની પણ વન વિભાગે કર્યાનું મંત્રીએ કહ્યું હતું. હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ લોકોના સહયોગથી વન વિસ્તારને વધારી પર્યાવરણ અને પ્રદૂષણ જેવા પ્રશ્નોનું નિરાકરણ લાવી શકાય તેમ જણાવી ગામે ગામ વૃક્ષારોપણના કાર્યક્રમો યોજાય તેવું જણાવ્યું હતું.

ગ્લોબલ વોર્મિંગની અસરથી ગુજરાતને બચાવવા રાજ્ય સરકારે એક અલગ વિભાગ કાર્યરત કર્યાનો ઉલ્લેખ કરી મંત્રીએ વાવે ગુજરાત કાર્યક્રમને સાર્થક કરવા ગામની પડતર જમીનમાં કે ખેતરોમના શેઢા-પાળા ઉપર દેશી કુળના અથવા ફળાઉ વૃક્ષોનું વધુને વધુ વાવેતર કરવા ખેડૂતોને અનુરોધ કર્યો હતો. આ તકે શાળાના બાળકો દ્વારા જિલ્લામાં અલગ અલગ સ્થળોએ રોપાઓને ઉછેર કરવાના અભિગમને અભિનંદન પાઠવ્યા હતાં.

કાર્યક્રમમાં ઉપસ્થિત અનુસૂચિત આર્થિક વિકાસ નિગમના ચેરમેન ઝવેરભાઈ ચાવડાએ માનવજીવનમાં સામાજિક અને ધાર્મિક પ્રસંગોમાં ઉપયોગી એવા તુલસી, વાંસ, પીપળો અને વડ જેવા અનેક વૃક્ષોની ઉપયોગીતા અને મહત્વ સમજાવી ગ્લોબલ વોર્મિંગથી થતાં ફેરફારોને અટકાવવા વૃક્ષોનો ઉછેર અનિવાર્ય હોવાનું જણાવ્યું હતું. માનવ જીવનને નિરોગી રાખવા રાજ્ય સરકારની પંચવટી યોજના હેઠળ વડ, આસોપાલવ, બીલી, આંબળા અને પીપળ જેવા પાંચ જુદા જુદા પ્રકારના વૃક્ષોનું વાવેતર પણ કરવામાં આવે છે તેમ પ્રમુખશ્રીએ જમાવી વધુને વધુ વૃક્ષો વાવી પ્રવૃત્તિના પુજારી બનવા અનુરોધ કર્યો હતો.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા શહેર નજીક આકાર પામી રહેલ નવીન તાલુકા સેવા સદનના પ્રાંગણમાં તાલુકા પંચાયતના પ્રમુખ ભોજાભાઈની ઉપસ્થિતિમાં ૬૫મો વન મહોત્સવ યોજાયો હતો.

# સાપાવાડા પાસે ટ્રેક્ટર પલટી ખાતા બે ના મોત ૧૦ ને ઈજા

હિંમતનગર, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના સાપાવાડા ગામ નજીક શુક્રવારે રાત્રીના મજુરો ભરી જઈ રહેલ ચાલકની બેદરકારીથી પલટી ખાઈ ગયું હતું. જેમાં બે ના મોત નીપજ્યા હતા જ્યારે ૧૦ ને ઈજા થવા પામી હતી. આ અંગે ઈડર પોલીસ મથકે ટ્રેક્ટર ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ હતી.

વિગત મુજબ ઈડરથી સાપાવાડા ખેત મજૂરો શુક્રવારે રાત્રીના સુમારે ટ્રેક્ટરમાં સાપાવાડા જઈ રહ્યા હતા. દરમિયાન ચાલકની બેદરકારીને કારણે ટ્રેક્ટર પલટી ખાઈ ગયું હતું. પરિણામે અંદર બેઠેલ સાપાવાડાના કનુભાઈ પુજાભાઈ વણકર (ઉં.વ. ૨૯) અને પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના મંગલિયા ગામના જીતુભાઈ ભાથીજી ખાંટ (ઉં.વ. ૩૨)નું ગંભીર ઈજાને કારણે ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. જ્યારે ૧૦ જેટલા ઈજાગ્રસ્તોને ૧૦૮ દ્વારા ઈડર સિવિલમાં સારવાર માટે ખસેડાયા હતા. આ અંગે ઈડર પોલીસને જાણ કરતા પોલીસે સ્થળ પર આવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# અંબાજી દેવસ્થાન ટ્રસ્ટનું ફેસબુક પેજ લોન્ચ કરાયું

પાલનપુર, તા. ૩

અંબાજી સ્થિત અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ ખાતે આજ રોજ ચેરમેન અને કલેકટર બનાસકાંઠા દિલીપકુમાર રાણાના વરદ હસ્તે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજીનું ઓફીશીયલ ફેસ બુક એકાઉન્ટ લોન્ચ કરવામાં આવેલ છે. ભાવિક ભકતોના પ્રતિભાવ તેમજ ટ્રસ્ટની માહિતી નીચેના ફેસ બુક પેજ ઉપરથી મેળવી શકાશે તેમજ સુચનો અને પ્રતિભાવ આપી શકાશે. https://www.facebok.com/ambajitempleoffcial

# પાલનપુરમાં વન મહોત્સવ અંતર્ગત વૃક્ષારોપણ કરાયું



પાલનપુરમાં વન મહોત્સવ અંતર્ગત બનાસકાંઠા જિલ્લા પંચાયતના પ્રાંગણમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી એચ.કે. પટેલે તેમના સ્ટાફ સાથે છોડ વાવ્યા હતા. તેમણે આ પ્રસંગે બોલતા વૃક્ષોને માનવી તેમજ પશુ-પંખીના પણ સાચા મિત્રો ગણાવ્યા હતા અને તેની માવજત કરવી એ આપણો ધર્મ છે તેવું જણાવ્યું હતું. આ વૃક્ષારોપણમાં જિલ્લા પંચાયતના ઉચ્ચ અધિકારીઓ પણ જોડાયા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ



ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY



સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર



ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦